ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,**ભાવનગર.**
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૬૨/૨૨-૨૩/ 4162 તારીખ : 27 DEC 2022

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**મે.એપેક્ષ સીરામીકસ,**
**મેઈન બજાર,**
**સાર્વજનીક હોસ્પીટલ સામે,**
**મું.થાનગઢ,**
**જી.સુરેન્દ્રનગર**

કેસ નં.૬૨/૨૨-૨૩

**મો.નં- ૨૭૫૧ ૨૨૧૨૨૬/૨૨૦૩૬૦**

**વિષય : અમારા એલ.ટી.એમ.ડી કનેકશનની ડિપોઝીટના રીફંડ બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૦૫/૦૯/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૧/૧૦/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૨/૨૨-૨૩/૩૫૪૭ તા.૦૩/૧૧/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૨/૨૨-૨૩/૩૮૯૯ તા.૦૭/૧૨/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૪/૧૨/૨૦૨૨** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણઃ- ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ-**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **થાનગઢ.**

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૬૨/૨૨–૨૩** ☜

વાદી :– **મે.એપેક્ષ સીરામીકસ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૧૪/૧૨/૨૦૨૨** ◈

હાજર રહયા :– **શ્રી કેતનભાઈ ભરતભાઈ લખતરીયા ( પાર્ટનર)**

પ્રતિવાદી :– **શ્રી એચ.પી.રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર (પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

મે.એપેક્ષ સીરામીકસ, મું.થાનગઢ, જી.સુરેન્દ્રનગરની એલ.ટી.એમ.ડી કનેકશન ની ડિપોઝીટના રીફંડ બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૬૨/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૨/૨૨–૨૩/૩૫૪૭ તા.૦૩/૧૧/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૪/૧૨/૨૦૨૨** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી વતી તેમના પાર્ટનર શ્રી કેતનભાઈ ભરતભાઈ લખતરીયા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એચ.પી.રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ શ્રી ભરતભાઈ અમૃતલાલ લખતરીયા એપેક્ષ સીરામીક ના નામે થાન પેટા વિભાગીય કચેરી ખાતે ગ્રાહક નંબર–૨૭૭૦૧/૦૦૦૬૪/૦ થી ૫૦ કી.વો.નું ઔધોગિક ટેરીફ નું વીજ કનેકશન તા ૦૧/૦૧/૨૦૦૧ થી ધરાવતા હતા. જે વિજ કનેકશન તા.૦૫/૦૩/૨૦૨૧ થી કાયમી ધોરણે રદ થયેલ છે.

૧.૨ વાદી ની રજુઆત છે કે, મારા વીજ જોડાણમાં રીફંડ આપવા માટે તા.૨૦/૦૫/૨૦૧૪ થી રજુઆત કરવામાં આવેલ હતી.જેનો કોઈ જવાબ વીજ કચેરી માંથી મળેલ નંથી.

૧.૩ વાદી જણાવે છે કે, તા.૧૭/૦૨/૨૦૧૪ ના રોજ અરજી આપતા વીજ કચેરી માંથી ખોખર સાહેબ અને પઢીયાર સાહેબ ચેકીગ કરવા આવેલ અને તેઓએ જણાવેલ કે, તમારૂં મીટર ૨૦૦/૫ ની કેપેસીટીનું છે. અને તેમાં CT ૧૦૦/૫ ની છે. મીટર રીડર દ્વારા મીટર કેપેસીટી ધ્યાને લઈ જે બીલ બનાવે ત્યારે મીટરમાં જે વપરાશ નોંધાયેલ હોય તેના અડધા યુનીટ ગણવાના હોય છે અને તે મુજબ બીલ બનાવવાના હોય છે. અને ખોખર સાહબ અને પઢીયાર

સાહેબ નોંધ ના આધારે વીજ કર્મચારી શ્રી કાનાનીભાઈ તથા પરમારભાઈ દ્વારા તા.૧૪/૦૫/૨૦૧૪ ના રોજ યોગ્ય કેપેસીટી ની નવી CT નાખવામાં આવેલ હતી.

૧.૪ વાદી જણાવે છે કે, અમોએ અમારા વિજ બિલ ચેક કરેલ.જેમાં માલૂમ પડેલ કે, તા.૧૧/૦૪/૨૦૦૩ ના રોજ જે મીટર બદલાવેલ ત્યારથી એપ્રિલ–૨૦૧૪ સુધીના બિલ ઉપર જણાવ્યા મુજબ અડધા યુનિટ ગણવાની જગ્યાએ પૂરા યુનિટ ગણીને આપવામાં આવેલ છે. જે બિલ આપેલ તે તમામ બિલ ભરેલ છે.

૧.૫ વાદી જણાવે છે કે, વર્ષ ૨૦૧૭–૧૮ માં અમારૂં આ વિજ જોડાણ બંધ કરી ડિપોઝીટ રીફંડ માટે અરજી કરવા ગયેલ ત્યારે જણાવેલ કે રીફંડ થઈ જશે અને રીફંડ ના મળે ત્યાં સુધી વિજ જોડાણ ચાલુ રાખવા જણાવેલ હતું. પરંતુ, ત્યારબાદ ચપણ રીફંડ માટેની કોઈ કાર્યવાહી કરેલ નથી.

૧.૬ વાદી જણાવે છે કે, મારા ખાતામાં રકમ રૂ.૫૩૮૪૭/૫૨ બાકી ચડેલ હોય વિજ જોડાણ કાપવા માટેની કાર્યવાહી થઈ હતી. મારી ડિપોઝીટ સરભર કરી બાકી લેણાં કાઢેલ છે.

૧.૭ વાદી જણાવે છે કે, મારૂં રીફંડ અને ડિપોઝીટ પરત આપવી તેમ રજૂઆત કરેલ છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ અરજદારશ્રી ભરતભાઈ અમૃતલાલ લખતરીયા એપેક્ષ સીરામીક ના ભાગીદાર છે. તેઓ દ્વારા થાન પેટા વિભાગીય કચેરી ખાતે ગ્રાહક નંબર–૨૭૭૦૧/૦૦૦૬૪/૦ થી ૫૦ કી.વો નું ઔધોગીક ટેરીફ નું વીજ કનેકશન તા.૦૧/૦૧/૨૦૦૧ માં માંગેલ હતું.

૨.૨ તા.૧૭/૦૨/૨૦૧૪ ના રોજ જુનિયર ઈજનેર ખોખર સાહેબ અને પઢીયારભાઈ દ્વારા ચેકીંગ કરવા માલુમ પડેલ કે વાદીનું મીટર ૨૦૦/૫ ની કેપેસીટી નું છે. અને તેમાં CT ૧૦૦/૫ ની છે. જેથી એમ.એફ. ૦.૫ થાય અને મીટર રીડર બીલ બનાવે ત્યારે મીટરમાં જે વપરાશ નોંધાયેલ હોય તેના અડધા યુનીટ ગણવાના હોય. ચેકીંગ શીટ ની નોંધ ના આધારે વીજ કર્મચારી શ્રી કાનાણીભાઈ તથા પરમારભાઈ દ્વારા તા.૧૪/૦૫/૨૦૧૪ ના રોજ મીટર બદલાવીને યોગ્ય કેપેસીટી ની નવી CT નાખવામાં આવેલ હતી.

૨.૩ વાદીનું જુનું લેઝર જોતાં એપ્રિલ–૨૦૦૩ માં જુનું મીટર બદલાવી નવું મીટર GEB ૦૭૭૯૬ નંબરનું મુકવામાં આવેલ હતું. જેનો મીટરનો પ્રફોર્મા–૧૫ આ સાથે જોડેલ છે. સદર મીટર ફરી માહે મે–૨૦૧૪ માં બદલવામાં આવેલ હતું. આમ, મીટર રીડર દ્વારા માહે મે–૨૦૦૩ થી એપ્રિલ–૧૪ સુધીના વીજ બીલ માં એમ.એફ.૧.૦૦ ગણવામાં આવેલ હતો. વાદીનું મીટર ૨૦૦/૫ ની કેપેસીટીનું હતું અને તેમાં CT ૧૦૦/૫ ની હતી. જેથી વાદીને મે–૨૦૦૩ થી એપ્રિલ–૧૪ સુધીના વીજ બીલમાં ૦.૫ એમ.એફ. મુજબ બીલ બનાવવું જોઈએ પણ ૧.૦૦ એમ.એફ.મુજબનું બીલ આપવામાં આવેલ છે. જેથી વાદીને જે વપરાશ થયેલ છે તેના અડધા યુનીટનો વપરાશ ગણી રકમ પરત આપવાની થાય છે.

૨.૪ વાદી ને જમાં આપવાપાત્ર રકમની ગણતરી કરેલ પત્રક આ સાથે સામેલ છે, જે મુજબ વાદી ને રૂા. ૨,૮૦,૨૪૧/૩૧ જમા આપવાના થાય છે.

૨.૫ ગ્રાહકના લેઝરમાં માહે નવેમ્બર–૨૧ ના રોજ રૂા.૫૩,૮૪૭/૫૨ બાકી જોવા મળે છે. અને ડીપોઝીટ રૂા.૮૪૦૦/– જે વાદી એ ભરેલ છે.

૨.૬ આમ વાદીને જમા આપવાપાત્ર રકમ રૂા.૨,૭૧,૮૪૦/૩૧+ ડીપોઝીટ ની રકમ રૂા.૮૪૦૦/– મળીને કુલ રૂા.૨,૮૦,૨૪૧/૩૧ જમા આપવાના થાય છે, જેની સામે લેઝરમાં બાકી રહેલ રકમ રૂા.૫૩,૮૪૭/૫૨ વસુલવાના થતા હોય તે બાદ કરી કુલ રૂા.૨,૨૬,૩૯૩/૭૯ વાદી ને રીફંડ કરવાના થાય છે. આવો અમારો અભિપ્રાય છે. જે આપ સાહેબની જાણ સારૂ.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર મે. એપેક્ષ સીરામીક, થાનગઢ ખાતે ગ્રાહક નંબર–૨૭૭૯૧/૦૦૦૬૪–૦ થી ૫૦ કી.વો.નું વીજ કનેકશન ધરાવે છે. તેમજ વાદી દ્વારા તે કનેકશન તા.૦૫/૦૩/૨૦૨૧ ના રોજ કાયમી ધોરણે રદ કરાવવા છતાં પણ પ્રતીવાદી ની કચેરી એ બાકી રીફંડ અને ડીપોઝીટ પરત ન કરતાં ફોરમને રજુઆત કરેલ છે.

૩.૨ આજરોજ તા ૧૪/૧૨/૨૦૨૨ ના રોજ ની સુનાવણી દરમ્યાન બન્ને પક્ષકારો હાજર રહી વધુ લેખિત તેમજ મૌખિક રજુઆતો કરી પોતાનો પક્ષ રાખેલ છે.

૩.૩ પ્રતિવાદી એ વાદી ને ચુકવવા પાત્ર રીફંડ તેમજ વસુલવાપાત્ર રકમનું સ્ટેટમેન્ટ રજુ કરેલ છે.

૩.૪ સુનાવણી દરમ્યાન વાદી દ્વારા જણાવવામાં આવેલ છે કે, તેઓની સામે પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા અમારા આ વીજ જોડાણની બાકી રહેતી રકમ ની વસુલાત માટે થાન ખાતેની તાલુકા કોર્ટમાં દીવાની દાવો દાખલ કરેલ છે અને તેનો **કેસ નં–૫૦/૨૦૨૨** હોવાનું જણાવેલ છે. વાદીએ આજરોજ દસ્તાવેજી પુરાવા જેવા કે દાવાની નકલ તેમજ જવાબની નકલ પણ રજુ કરેલ છે. આમ આ મેટર હાલ ન્યાયિક પ્રકિયા હેઠળ પડતર છે.

૩.૫ આ તબકકે ફોરમને જણાય છે કે, સદરહુ વાદીની રજુઆત અંગેની પ્રતીવાદી દ્વારા કોર્ટ મેટર કરવામાં આવેલ છતાં પણ પ્રતિવાદી દ્વારા આ અગત્યની બાબતને તેમના જવાબમાં રજુ કરેલ નથી, કે સુનાવણી દરમ્યાન પણ જણાવેલ નથી જેની ગંભીર નોંધ ફોરમ દ્વારા લેવામાં આવેલ છે. હાલ સદર મેટર કોર્ટમાં પેન્ડીગ હોઈ GERC ના નોટીફીકેશન નંબર–૨/૨૦૧૯ ના કલોઝ નં–૨.૩૩(૧) મુજબ સદર કેસમાં વાદી ફોરમને રજુઆત કરવા હકકદાર રહેતો ન હોઈ, વાદી ની અરજી નો નિકાલ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કંમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણબાગ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| (sd/-) | (ગેરહાજર) | (sd/-) |
| **(શ્રીમતી જે.એમ.મેહતા)** | **(એન.આઈ.ઉપાધ્યાય)** | **(એન.સી.મકવાણા)** |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,** |
| | | **ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ** |
| | | **પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.** |

Grievance Redressal P.G.V.C.L. Bhavnagar

તારીખ :– **૧૪/૧૨/૨૦૨૨.**